વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત નવી બાબત હેઠળ અમદાવાદ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ ઓર્ગેનાઇઝેશન માટે કરવાના થતા ખર્ચની કામગીરી માટે વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: HD/MSM/e-file/8/2026/0250/SB1
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૦૬/૨૦૨૬

વંચાણે લીધા:

(૧) અત્રેનો ઠરાવ ક્રમાંક: HD/MSM/e-file/8/2025/7310/SB1, તા.૨૭/૧૧/૨૦૨૫.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૭/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ સી-૧/નવી સેવા/વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ-૨૦૨૯/૨૫/૨૦૨૬.

(૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૯.૦૪.૨૦૨૬ ના પત્ર ક્રમાંકઃ Kh-Sports/World Police & Fire Games/૧૮૫૮/૨૦૨૬.

**<u>આમુખ:</u>**

અમદાવાદ શહેર ખાતે આયોજન થનાર World Police and Fire Games-2029ના આયોજન અર્થે ગૃહ વિભાગના તા.૨૭/૧૧/૨૦૨૫ના ઠરાવથી Special Purpose Vehicle (SPV)ની રચના કરવામાં આવેલ છે. તેમજ રાજ્ય સરકાર દ્વારા "અમદાવાદ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ ઓર્ગેનાઈઝેશન" નામે, વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ 2029, અમદાવાદ માટે Companies Act, 2013 ની કલમ 8 હેઠળ સ્થાપિત થનાર SPVની રચના કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૨) ના પત્રથી SPV માટે રૂ.૧૦.૦૦ કરોડની વર્ષ ૨૦૨૬-૨૭ માટે નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા રજૂ કરેલ નવી બાબત માટે રૂ.૧૦.૦૦ કરોડ મંજૂર થતાં વંચાણે લીધેલા ક્રમાંક: (૩) પરના પત્ર મુજબ SPV હેઠળ World Police and Fire Games-2029 ની તૈયારીઓ માટે રૂ.૧૦.૦૦ કરોડનો ખર્ચ કરવા અંગેની મંજૂરી આપવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત "નવી બાબત" હેઠળ World Police and Fire Games-2029 ના આયોજન અર્થે નીચે જણાવેલ ઉદ્દેશ્યો માટે રૂ.૧૦.૦૦ કરોડ (અંકે રૂપિયા દસ કરોડ)નો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

World Police and Fire Games-2029 ના આયોજન અર્થે SPV હેઠળ રચના કરેલ "અમદાવાદ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ ઓર્ગેનાઈઝેશન" ના ઉદ્દેશ્યો નીચે મુજબ રહેશે.

A. World Police and Fire Games-2029નું આયોજન અને અમલીકરણ કરવું,
B. સ્પર્ધાત્મક અને અસ્પર્ધાત્મક સ્થળોની કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવી,
C. લોજિસ્ટિક્સ, પરિવહન, આતિથ્ય, તબીબી સેવા, સુરક્ષા, સ્વયંસેવકો અને માનવબળની જરૂરિયાતોનું સંચાલન કરવું,
D. ઉદ્ઘાટન અને સમાપન સમારંભો તેમજ રમતગમત સ્પર્ધાઓ તથા સમુદાય જોડાણ કાર્યક્રમોનું આયોજન કરવું,
E. કેલિફોર્નિયા પોલીસ એથ્લેટિક ફેડરેશન (CPAF), રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પોલીસ, ફાયર અને રમતગમત સંસ્થાઓ સાથે સંકલન કરવું,
F. પ્રાયોજકો, ગ્રાન્ટનું સંકલન તથા રમતોને સંબંધિત Intellectual Property (IP) અધિકારોનું મોનેટાઇઝેશન કરવું,
G. ટકાઉપણું, વારસાગત પરિણામો તથા રમતો પછીની ઢાંચાકીય સુવિધાઓના ઉપયોગને સુનિશ્ચિત કરવું,

H. રમતોના અસરકારક અમલીકરણ માટે Third Party Agencies ની નિમણૂક અને સંકલન કરવું,

I. રમતો પૂર્ણ થયા બાદ ઑડિટ, બિલોની ચૂકવણી, તમામ પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ તથા કંપનીઝ અધિનિયમ, 2013 તથા તેની હેઠળ બનેલા નિયમો મુજબ વર્ષ 2030-2031 દરમિયાન SPVનું સમાપન (winding up) કરવું, તેમજ

J. World Police and Fire Games-2029ના સફળ આયોજન માટે જરૂરી તમામ પ્રવૃત્તિઓનું સુવ્યવસ્થિત આયોજન, સંકલન અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવું.

ઉક્ત વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

1. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુઓ માટે ઉપયોગ કરી શકાશે નહીં.
6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટમાંથી બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
7. સદર બાબતે નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
8. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

9. વાહન ખરીદી સંદર્ભે જો વાહન ખરીદવાનું થાય તો બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે, તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.
10. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.
11. વાહનની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૦૬/03/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ જીટીએસ/૧૦૨૦૧૩/૩૧૯ /ઘ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓને આધીન કરવાની રહેશે.
12. નવા ખરીદેલ વાહનની હિસ્ટ્રીશીટ અને લોગબુક નિભાવવાની રહેશે.
13. નવા વાહનની ખરીદી થયેથી વાહન માટે ડ્રાઈવરની જગ્યા ઉપલબ્ધ ન હોય તો ડ્રાઈવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ અનુસાર આઉટસોર્સથી લેવાની રહેશે. આ માટે અલગથી ડ્રાઈવરની કોઈ નવી જગ્યા ઊભી કરવાની રહેશે નહિ.
14. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
16. આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
17. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા

ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

18. આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પૂરતું જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.

19. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

20. ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યાં શરત સામેલ કરવી.)

21. ગ્રાન્ટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

22. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરીયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

23. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

24. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

25. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

26.નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ સદરે ઉધારવાનો અને તે હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૬ -૨૭ ના અંદાજપત્રમાં નીચે મુજબના સદરે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક | : ૪૬ |
| (૨) મુખ્ય સદર | : ૪૦૫૫- કેપીટલ આઉટલે ઓન પોલીસ |
| (૩) પેટા મુખ્ય સદર | : ૦૦ |
| (૪) ગૌણ સદર | : ૧૯૦-જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મૂડી રોકાણ |
| (૫) પેટા સદર | : ૦૧ - અમદાવાદ પોલીસ અને ફાયર ગેમ્સ ઓર્ગેનાઇઝેશન માટે શેરમુડી |
| (૬) ખર્ચનો પ્રકાર | : મહેસૂલ/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | : ૪૦૫૫ ૦૦ ૧૯૦ ૦૧ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૬/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અભિજીતસિંહ રાજપુત)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ), અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ (એકાઉન્ટસ), અમદાવાદ/રાજકોટ.
- પોલીસ મહાનિરીક્ષક (વહીવટ), પોલીસ ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ શહેર.
- મહાનિર્દેશકશ્રી, ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરીટી, સેક્ટર-૧૩બી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરીટી, સેક્ટર-૧૩ બી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી – આઇ.ટી. શાખા, ગૃહ વિભાગ (ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ)
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.
- શાખા પસંદગી ફાઈલ.